**8મી ભારત-જ્યોર્જિયા વિદેશ કાર્યાલય પરામર્શ બેઠક (13 ડિસેમ્બર, 2025)**

13 ડિસેમ્બર, 2025

13 ડિસેમ્બર 2025 ના રોજ તિબ્લિસીમાં 8મી ભારત-જ્યોર્જિયા વિદેશ કાર્યાલય પરામર્શ બેઠક (FOC) યોજાઈ હતી. ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ વિદેશ મંત્રાલયના સચિવ (પશ્ચિમ), શ્રી સિબી જ્યોર્જ કર્યું હતું અને જ્યોર્જિયન પ્રતિનિધિમંડળનું નેતૃત્વ જ્યોર્જિયા પ્રજાસત્તાકના નાયબ વિદેશમંત્રી, મહામહિમ શ્રી એલેકઝાન્ડર ખ્વિતિસિયાશવિલીએ કર્યું હતું.

2. બંને પક્ષોએ રાજકીય જોડાણ, વેપાર અને આર્થિક સહકાર, સાંસ્કૃતિક આદાનપ્રદાન અને લોકોથી લોકોના પરસ્પર સંબંધો તેમજ નવા ક્ષેત્રોમાં સહયોગને વધુ વિસ્તૃત કરવાના માર્ગો સહિત દ્વિપક્ષીય સંબંધોના સમગ્ર ક્ષેત્રની સમીક્ષા કરી. પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું.

3. દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે નિયમિત સત્તાવાર આદાનપ્રદાન જાળવવા સંમતિ વ્યક્ત કરવામાં આવી હતી.

તિબ્લિસી

13 ડિસેમ્બર, 2025